Final - Gandhinagar

તા. ૨૫/૦૨/૨૦૨૪

①

# વન નેશન વન રાશનકાર્ડ

મા. અધ્યક્ષ શ્રી,

- રાજ્યના જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા દર માસે "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" (National Food Security Act - NFSA) હેઠળ સમાવિષ્ટ "અંત્યોદય" કાર્ડધારકો તથા "અગ્રતા ધરાવતા કુટુંબો" (Priority house hold- PHH) મળી કુલ ૭૨ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોની ૩.૫૫ કરોડ જનસંખ્યાને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" અંતર્ગત વિનામુલ્યે ઘઉં અને ચોખાનું જાન્યુઆરી-૨૦૨૩થી વિતરણ કરવામાં આવી રહેલ છે.
- મા. "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશના ૮૦ કરોડથી વધુ લાભાર્થીઓને અન્ન સુરક્ષા સરળતાથી પુરી પાડવા માટે તથા માનનીય વડાપ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "ડિજિટલ ઇન્ડિયા" ના સંકલ્પને પૂર્ણ કરવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં "વન નેશન, વન રેશનકાર્ડ" (ONORC) યોજનાની અમલવારી કરવામાં આવેલ છે,
- મા. આ યોજના અંતર્ગત N.F.S.A હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશના ૮૦ કરોડ પૈકી કોઇપણ લાભાર્થી સમગ્ર દેશના કોઇપણ સ્થળે આવેલ કોઇ પણ વાજબી ભાવની દુકાનેથી પોતાના અંગૂઠા/આંગળી દ્વારા કે આધાર ઉપર રજીસ્ટર થયેલ મોબાઇલ પર O.T.P દ્વારા પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો વિનામૂલ્યે મેળવી શકે તે માટે "વન નેશન વન રેશનકાર્ડ" (One Nation One Ration Card) યોજના અમલમાં મુકવામાં આવેલ છે.
- મા. ભારત સરકાર દ્વારા આ યોજનાની પ્રરંભિક તબકકાની અમલવારી ઓગષ્ટ-2019માં સમગ્ર દેશમાં ચાર રાજ્યો માટે કરવામાં આવેલ, જેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબીલીટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલમાં મુકવામાં આવેલ, ત્યારબાદ વર્ષ-૨૦૨૦માં કોરોના મહામારીના લીધે સમગ્ર દેશમાં લાગુ પડેલ લોકડાઉનના કારણે શ્રમિકો, પરપ્રાંતિય મજુરોને મુશ્કેલી ના પડે તે માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં "વન નેશન વન રેશનકાર્ડ" યોજના લાગુ પાડવામાં આવેલ. જે-તે સમયે દિલ્હી, પશ્ચિમ બંગાળ, છતીસગઢ જેવા રાજ્યો જોડાયેલ ન હતાં, પરંતુ તબકકાવાર આ રાજ્યો અને બાકીના કેન્દ્ર શાસિત પ્રદેશો જોડાતાં હાલ સમગ્ર દેશના NF.S.A હેઠળ સમાવેશ કરાયેલ લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળી રહેલ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

કોરોનાની મહામારી વખતે લોકડાઉન ઘણાં મહીનાઓ સુધી ચાલ્યું. હું જયાથી આવું છું સુરત તો ઔધોગિક નગરી છે. પોતાના કારખાનાથી દુર કામદારો, શ્રમિકો જે રોજ લાવીને રોજ ખાનારા ગરીબ સમુદાય ઉપર આભ તુટી પડયું હતું ત્યારે આ કામદારોના રખોપા કરવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ **વન નેશન વન રેશન** ની યોજના ચાલુ કરાવી કોઇપણ સસ્તા અનાજની દુકાનેથી મળવાપાત્ર અનાજ મળી જાય તેવી યોજના બનાવી.

માન. અધ્યક્ષશ્રી,

કહેવાય છે કે, ૧૮૦૦ની ~~સદીમાં~~ જયારે રોગચાળો ફાટી નીકળેલ ત્યારે હજારો-લાખો લોકો દવા કે ઉપચારને લીધે નહીં પરંતુ અન્ન ન મળવાથી ભૂખમરાને લીધે મૃત્યુ પામ્યા હતાં. આપણા નરેન્દ્રભાઇએ લાખો કરોડો લોકોને મફત અનાજ આપી લોકોના જીવ બચાવ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

**વન નેશન વન રેશન** યોજનાથી માત્ર મફત અનાજ જ મળે તેવું નથી.

મોદી સાહેબની મા આયુષ્યમાન યોજનાના કાર્ડ મેળવવા પહેલા શ્રમિકોને વતનમાં જવું પડતું હતું, હવે તો NFSA હેઠળ નોંધાયેલા તમામ રેશન કાર્ડ ધારકોને આયુષ્યમાન યોજનામાં સમાવી દેવાથી જે વ્યકિત જયાં રહે છે ત્યાંજ તેને આયુષ્યમાન કાર્ડ મળી જાય છે.

માન. અધ્યક્ષશ્રી,

કોરોના દરમિયાન શ્રમિકોની પણ નોંધણી કરવાનું બીડુ માનનીય મોદી સાહેબે ઉપાડયું અને ઇશ્રમ કાર્ડ મેળવવા માટે પણ "વન નેશન વન રેશન" યોજના દ્વારા શ્રમિકોને ઇશ્રમ કાર્ડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી,**

વન નેશન વન રેશન યોજનાથી વિશ્વનેતા મોદી સાહેબે દેશભરના ગરીબ, શ્રમજીવી, કામદાર વર્ગ માટે મોદીની ગેરંટી એટલે.

- મફત અનાજની ગેરંટી
- આયુષ્યમાન કાર્ડની ગેરંટી
- પાંચ લાખ સુધીની સારવાર- ઓપરેશનના ખર્ચમાંથી મુકિતીની ગેરંટી
- ઇશ્રમ કાર્ડ નોંધણની ગેરંટી
- ઇશ્રમ કાર્ડ દ્વારા મળનાર લાભોની ગેરંટી
- રેશનકાર્ડ આધારીત તમામ યોજનાના લાભની ગેરંટી આપીને મોદી સાહેબે ગરીબ અને નાના પરિવારોને તમામ ચિંતામાંથી મુકત કર્યા છે.

મા. અધ્યક્ષશ્રી,

✓ "વન નેશન વન રેશનકાર્ડ" યોજના હેઠળ "National Portability and State Level portability" એમ બે પ્રકારની પોર્ટેબિલિટી છે "ઈન્ટરસ્ટેટ પોર્ટેબિલિટી" એટલે કે, સમગ્ર દેશના કોઇપણ રાજ્યના લાભાર્થીઓએ ગુજરાત રાજ્યમાં રેશન લીધેલ હોય તેની વિગતો તથા ગુજરાત રાજ્યના લાભાર્થીઓએ દેશના અન્ય કોઈ રાજ્યમાં લાભ લીધેલ હોય તેવી વિગતોનો સમાવેશ થાય છે.

મા. ✓ "ઈન્ટ્રાસ્ટેટ પોર્ટેબિલિટી" એટલે કે, ગુજરાત રાજ્યમાં જ એક જિલ્લા/તાલુકા/શહેર કે ગામમાં રહેતા લાભાર્થીઓએ તે જ ગામ કે અન્ય ગામ/શહેર/તાલુકા કે જિલ્લાએની અન્ય કોઇપણ વાજબી ભાવની દુકાનેથી અનાજનો જથ્થો મેળવેલ હોય તેવી વિગતોનો સમાવેશ થાય છે.

મા. ✓ આમ, "વન નેશન વન રેશનકાર્ડ" યોજના હેઠળ દેશના/રાજ્યના કોઇ પણ લાભાર્થી કોઈપણ રાજયના કોઇ પણ જીલ્લા/તાલુકા/ગામની વાજબી ભાવની દુકાનેથી તેને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુનો જથ્થો આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી મેળવી શકે છે. તેમજ ગુજરાત રાજયના લાભાર્થી પણ અન્ય રાજ્યમાંથી પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી જથ્થો મેળવી શકે છે.

મા. ✓ સ્થળાતંર થતા લાભાર્થીએ "વન નેશન વન રેશનકાર્ડ" યોજના માટે નવુ કોઇ રેશનકાર્ડ કઢાવવાનું રહેતુ નથી તેમનુ હયાત રેશનકાર્ડ જ ઉપયોગમાં લઈ શકાય છે. પોતાનુ સરનામુ બદલાયા વગર દર માસે કોઇ પણ વાજબી ભાવની દુકાનેથી પોતાના અંગુઠા કે આંગળીના બાયોમેટ્રીક ટ્રાન્ઝેકશન વડે મળવાપાત્ર જથ્થો સરળતાથી મેળવી શકે છે, જેથી પરપ્રાતિંય શ્રમિકો/વતનથી દૂર કામ અર્થે જતા લાભાર્થીઓ સરળતાથી અનાજ મેળવી પોતાનુ ગુજરાન ચલાવી શકે છે.

મા. આમ, લાભાર્થીનો અંગૂઠો જ તેનું રેશનકાર્ડ છે. લાભાર્થી વતનથી દુર હોવા છતાં તેઓના રેશનકાર્ડ પર મળવાપાત્ર અનાજનો જથ્થો સરળતાથી મેળવી શકે છે. વધુમાં, કોઇ લાભાર્થીના કુટુંબના અમુક સભ્યો બીજે રહેતા હોય અને અમુક સભ્યો ગામમાં હોય તો તેઓ આંશિક જથ્થો પણ મેળવીને યોજનાઓ લાભ મેળવી શકે છે.

મા. ✓ વન નેશન વન રેશનકાર્ડ" યોજનાના લાભ લેવા અંગેની વિગતવાર માહિતી છેવાડાના લોકો સુધી સરળતાથી પહોંચે તે માટે ભારત સરકાર દ્વારા "मेरा राशन" મોબાઇલ એપ્લીકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. જેના દ્વારા લાભાર્થી પોતાનું રજીસ્ટ્રેશન પણ

કરી શકે છે. તદ્ઉપરાંત પોતાની નજીકની વાજબી ભાવની દુકાન અંગેની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગતો, રેશનકાર્ડ સબંધિત વ્યવહારોની છેલ્લાં છ માસની માહિતી વગેરે આંગળીના ટેરવે ઝડપથી મેળવી શકે છે.

મા. ➢ રાજ્ય સરકાર દ્વારા "मेरा राशन" મોબાઈલ એપ્લીકેશનના આધારે "My Ration" મોબાઈલ એપ્લીકેશન અમલી બનાવેલ છે, જેમાં ભારત સરકાર ઉપરાંત રાજ્ય સરકારની યોજનાનો પણ સમાવેશ કરેલ છે. જેમાં આવશયક ચીજવસ્તુ હેઠળ મળવાપાત્ર જથ્થો, મેળવેલ જથ્થાની વિગત, વિતરણનું પ્રમાણ, કિંમત, છેલ્લા છ માસની બિલ-રસીદ, નજીકની વાજબી ભાવની દુકાનનું નામ-સરનામું, રેશનકાર્ડને લગતી વિગત, ફરીયાદ નિવારણ, હેલ્પલાઇન જેવી સુવિધાઓ મોબાઈલ એપ્લીકેશનમાં ઉપલબ્ધ કરાયેલ છે.

મા. ➢ ઈન્ટરસ્ટેટ/ઇન્ટ્રાસ્ટેટ પોર્ટેબિલિટી વ્યવહારોને પ્રોત્સાહન આપવા તેમજ પોર્ટેબિલિટીનો ઉપયોગ (X) વધારવા અને વધુને વધુ લોકો સુધી પોર્ટેબિલિટીના લાભોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ વર્તમાન સમાચાર પત્રોમાં વિતરણ-પ્રમાણની જાહેરાત સમયાંતરે પ્રકાશિત કરવામાં આવે છે.

મા. ➢ હાલમાં દરેક વાજબી ભાવની દુકાન ધારકોના ઇ-FPS લોગ-ઇન એપ્લિકેશનમાં પોર્ટેબિલિટી (X) સંબંધિત સંદેશ-સમાચાર પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે, જેથી વાજબી ભાવની દુકાન ધારકોમાં પણ પોર્ટેબિલિટી વિશે જાગૃતિ લાવી શકાય છે.

મા. ➢ રાજય સરકાર દ્વારા G.I.D.C તથા અન્ય ઔધોગિક વસાહતો, બંદરો, રેલ્વે, પરપ્રાંતિય વસ્તી (X) ધરાવતાં સ્થળો ખાતે વિવિધ કેમ્પ કરવામાં આવે છે, જેથી આ યોજનાનો લાભ મહત્તમ લાભાર્થી સુધી પહોંચી શકે. આ માટે પુરતા પ્રચાર/પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

મા. ➢ રાજ્યના ગ્રામ્ય વિસ્તારના નાગરિકો સુધી આ યોજનાની માહિતી પહોંચે અને વધુને વધુ લોકો આ યોજનાનો લાભ લઇ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" (X) દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં પેમ્ફલેટ છપાવીને પુરતા પ્રચાર/પ્રસારની કામગીરી કરવામાં આવે છે.

મા. ➢ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં રાજયમાં "નેશનલ પોર્ટેબીલીટી" તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ ૧,૭૨,૭૧૬ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે. ૨૦૨૦-૨૦૨૧માં રાજયમાં "નેશનલ પોર્ટેબીલીટી" ૧૦ તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ ૨,૬૦,૫૫૩ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે. ૨૦૨૧-૨૦૨૨માં

રાજયમાં "નેશનલ પોર્ટેબીલીટી" તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ ૭,૧૧,૦૩૫ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે. ૨૦૨૨-૨૦૨૩માં રાજયમાં "નેશનલ પોર્ટેબીલીટી" તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ ૧૧,૮૮,૯૪૮ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે.

- ગત વર્ષ જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી રાજયમાં સુરત શહેરમાં "નેશનલ પોર્ટેબીલીટી" એટલે કે, એક રાજયથી બીજા રાજ્ય મુજબ સૌથી વધારે સુરત શહેરમાં કુલ ૩૪,૧૭૦ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ સૌથી વધારે એમદાવાદ શહેરમાં ૩,૦૧,૭૨૮ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે.
- ગત વર્ષ જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી રાજયમાં "નેશનલ પોર્ટેબીલીટી" એટલે કે, એક રાજયથી બીજા રાજ્ય મુજબ કુલ ૧,૧૬,૪૮૮ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ ૨૪,૬૫,૭૯૮ જેટલા ટ્રાન્જેક્શન નોંધાયેલ છે. આમ, આટલા કુટુંબોએ તેમના રેશનકાર્ડ જે દુકાન સાથે જોડાયેલ દુકાનના બદલે અન્ય જગ્યાએથી રેશન મેળવીને સરળતાથી ગુજરાન ચલાવી શકેલ છે.
- દેશમાં "નેશનલ પોર્ટેબીલીટી" તથા "સ્ટેટ પોર્ટેબીલીટી" હેઠળ નોંધાયેલ ટ્રાન્જેક્શનમાં ગુજરાત રાજય ચોથા ક્રમે આવેલ છે.

આમ, વન નેશન વન રેશનકાર્ડ યોજના સમગ્ર દેશની જાહેર વિતરણ વ્યવસ્થામાં ક્રાંતિકારી પરિવર્તન લાવનારી યોજના બની રહેલ છે.